**મે. સુરતની શ્રમ અદાલત નં.૩ ના ન્યાયધીશશ્રી (એસ.ડી.) અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.૧૦૭૫/૨૦૨૫**
**આંક : ૭**

**ફરિયાદી : શ્રી સરકાર પક્ષે શ્રી એસ.એસ.શાહ**
નાયબ શ્રમ આયુકતની કચેરી, એ/૬, બહુમાળી મકાન, નાનપુરા,સુરત.
સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળના નિરીક્ષક, સુરત.

**// વિરૂધ્ધ //**

**આરોપી : શ્રી વિપુલભાઈ પીછીવાલા – માલિકશ્રી**
C/o કૈલાસ વિવીંગ વર્ક
હે. પ્લોટ નં.૨૦, પહેલો માળ, અંબિકા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ–૧,
પંજાબ નેશનલ બેંક ની ગલી, ગાંધી કુટીર, સુરત–૩૯૫૦૧૭.

**ગુન્હો : ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૧)(i) ના ભંગ અન્વયે.**

**// ચુકાદો //**

**(૧)** સદર કામ આજ રોજ નેશનલ લોક–અદાલતના દિને રાખવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં હાથ પર લેવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરિયાદી ધ્વારા હાલના આરોપી સામે **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૧)(i)** ના ભંગ અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હા સંદર્ભેની ધોરણોસર ફરિયાદ આ અદાલતમાં દાખલ કરતા ઈન્કવાયરી કરી ગુન્હા સંદર્ભે કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપી હાજર થયેલ છે. આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં આરોપી હાજર હોય જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે.

**(૨)** આ કામે આરોપીએ આંક–૫ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આ કામે આરોપીને ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તે અંગેની પ્લી આંક–૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૩)** આરોપીએ ગુન્હો સ્વૈચ્છાએ કબુલ કરતા હોવાનું તથા કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલાત પુરસીસ રજુ કરી સહી કર્યાનું કબુલ કરેલ છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓ આરોપીનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને કાયદાની અજ્ઞાનતાના કારણે ગુન્હો બનવા પામેલ છે, આ ગુન્હા બદલ તેઓ અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરે છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો ન બને તેની પુરેપુરી ખાત્રી અને ભરોસો આપે છે, તેઓને કેદની સજા કરવામાં આવે તો ધંધા, રોજગાર બંધ થઈ પડે તેમજ તેઓના પરિવારને તેમજ સંસ્થાના કામદારોને પણ તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે. જેથી તેઓ આરોપીને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૧)(i)** નો ભંગ કરી લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ની કલમ–૨૨(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. તે સંજોગામાં આરોપી સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોઈ

તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ પર આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે તક આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે. અગાઉ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો કરેલ હોય કે દોષીત ઠરેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આરોપી સામેનો આ પ્રથમ ગુન્હો હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીને ધી બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૧)(i)** ના ભંગ બદલ લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) તેમ મળી કુલ **રૂા. ૮,૦૦૦/–(અંકે રૂપિયા આઠ હજાર પુરા)** ના દંડની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–સુરત.
તા.૧૪/૦૩/૨૦૨૬

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
U.I.C. No.GJ01285
એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અને ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૩, સુરત.